

# નાચવા માટે નવું આંગણું

મારકણી અદાવાળા આ બહેન કેટલું જોશીલું નૃત્ય કરી શકે છે એની હવે બધાને ખબર પડી ગઈ છે. ફિફા વર્લ્ડકપમાં 'વાકા વાકા' પર કમરના ઠુમકા લગાવવા શકીરા દક્ષિણ આફ્રિકાથી બહુ પ્રભાવિત થઈ છે. વર્લ્ડકપની ફાઈનલ પછી તેણે જે જોશીલું નૃત્ય કર્યું હતું એની પાછળ પણ તેણે તેનો આફ્રિકા પ્રેમ કારણભૂત હોવાનું કહ્યું છે. એક સામાયિકમાં શકીરાએ કહ્યું છે કે, અહીંના લોકો ખૂબ નિખાલસ હોય છે અને મને અહીંની ધરતી પર નૃત્ય કરવાની તક મળી તે માટે હું ખૂબ નશીબદાર છું.

વળાંકદાર શરીર અને શરીરને શક્ય એટલા વધુ વળાંકોમાં વાળીને નૃત્ય કરી શકતા આ બહેન હજુ બીજી વખત પણ આફ્રિકામાં જઈને નાચવા માટે થનગની રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. ટૂંકમાં શકીરાને નાચવા માટે આ આંગણું બરોબર સદી ગયું છે.



# અઢાર વાંકાવાળાનું ઉત્તમ દૂધ

આમ તો ઊંટના અઢાર અંગ વાંકા એવું કહેવાય છે પરંતુ વાંકા અંગવાળા ઊંટનું દૂધ કરીના જેવું ઝીરો ફિગર (શૂન્ય શરીર!) અને સલમાન જેવા બાવડા આપી શકે છે એવું તાજેતરમાં સંશોધન થયું છે. બ્રિટનના હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા ઊંટડીનું દૂધ પીવાથી થતા ફાયદાઓ જાહેર કરવામાં આવ્યા છે. કહેવાય છે કે આ સમાચારથી યુનાઈટેડ આરબ અમિરાતના રણોમાં વિચરતા ઊંટડીઓના માલિકો ગેલમાં આવી ગયા છે. અત્યાર સુધી જે ઊંટડીના દૂધને ખારું કે હાનિકારક ગણવામાં આવતું હતું તેના બદલે હવે ઊંટડીના દૂધની ઊંચી કિંમતો તેઓ મેળવી શકશે. યુરોપિઅન કમિશને તો ડાયાબિટીસમાં પણ ઊંટડીનું દૂધ ઉપયોગી હોવાની વાત કરી છે. જો આ સમાચાર વાયુવેગે પ્રસરી જશે તો એ દિવસ દૂર નથી કે ઘેર-ઘેર સાંઢણીઓ બાંધેલી દેખાય!



# ડ્રેક્યુલા પણ ભોગ બને છે!

ના, હેડિંગમાં ભૂલ નથી. ડ્રેક્યુલા ખરેખર અત્યાચારનો ભોગ બન્યો છે. આવું અમે નહીં, પણ ઑસ્ટ્રેલિયાના કેટલાક ઇતિહાસકારો કહી રહ્યા છે. જેનો અભ્યાસ કરતા કેટલાક ઇતિહાસકારો માને છે કે "ડ્રેક્યુલા લોહી પીતો ન હોત. હા, તે ત્રાસ જરૂર આપતો હતો, પણ અત્યાચારી નહોતો! ડ્રેક્યુલાને ખૂની બનાવવા પાછળ યુરોપનો કુપ્રચાર જવાબદાર છે!" આ વિરોધ કરનારા ડ્રેક્યુલાઓ મતલબ કે પ્રદર્શનકારીઓ તો ત્યાં સુધી કહે છે કે "જેમ બને તેમ જલ્દી આ બાબતોની સ્પષ્ટતા થવી જોઈએ અને ડ્રેક્યુલા વિશેના ખોટા ખ્યાલો દૂર કરવા સરકારોએ આદેશ આપવા જોઈએ. ટૂંકમાં જો વિરોધીઓની વાતનો સ્વીકાર થઈ જશે તો હવે આપણે આપણું લોહી પીતા, અત્યાચાર ગુજારતા પત્ની પાડોશી, બોસને ડ્રેક્યુલા નહીં કહી શકીએ!



# ઊંચી ખુરશીના ઊંચા મોલ

માત્ર ગુજરાત પ્રવાસન ખાતું જ પ્રવાસીઓને બોલાવવા ગતકડાં કરે છે એવું જરાય નથી. ન્યૂઝીલેન્ડ પણ એમાંથી બાકાત નથી. અહીં તસવીરમાં દેખાતી ૨૦ ફૂટ ઊંચી ખુરશી આ ગતકડાંનું જ પરિણામ છે. ડાર્ટમૂલ નેશનલ પાર્કમાં પ્રવાસીઓને આકર્ષવા માટે આ વિશાળ ખુરશીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્રણેક વર્ષ પહેલા તૈયાર થયેલી આ ખુરશી વિશે ફેસબુક પર એના કારીગરે જોરશોરથી પ્રચાર પણ કર્યો હતો. અને આ પ્રચારથી આકર્ષાઈને પ્રવાસીઓના ટોળેટોળાં પણ ઉમટ્યાં હતાં. જો કે અત્યારે આ જ ખુરશી સત્તાવાળા માટે માથાનો દુ:ખાવો બની ગઈ છે. ખુરશીના પ્રચારને કારણે એટલા પ્રવાસીઓના ધાડાં ઉમટે છે કે અહીં ટ્રાફિક સતત જામ થતો જાય છે. આ નોંતરેલી પરેશાનીથી કંટાળેલા સત્તાધીશો હવે આ ખુરશીને બીજે ખસેડવાની તૈયારી કરવા માંડ્યા છે.



# મમ્મી એવી બેટી?

આમ તો ન્યૂઝિયમમાં આ રૂપાળી અભિનેત્રીના અગાઉ પણ બે-ચાર વખત ફોટા છપાઈ ચૂક્યા છે. પણ આ વખતે સમાચારમાં એન્જલીના જોલી નહીં, પણ એની ચાર વર્ષની દીકરી સિલોહ છે! સિલોહ એના બોયક્ટ વાળ અને છોકરા જેવા પહેરવેશના કારણે હૉલિવૂડમાં સતત ચર્ચાતી રહી છે. સિલોહ વિશે ભાતભાતની અફવાઓ પણ ઊડતી જાય છે. કેટલાક તો એવું પણ કહે છે કે જો સિલોહ આમ જ છોકરા જેવી તૈયાર થતી રહેશે તો તે કદાચ ભવિષ્યમાં હીરોઈન ન પણ બને! જો કે તેની મમ્મી એન્જલીનાના મતે 'લોકો ગમે તેમ કહે પણ હું મારી દીકરીને અત્યારથી જ તેના કપડાં, હેરકટ બધું જ એની પસંદગીથી કરવા દઉં છું. હું કંઈ બીજી મમ્મીઓની જેમ સલાહ નથી આપતી.



# અપહરણ

અહીં તસવીરમાં દેખાતા પેંગ્વિનનું નામ કેલી છે. ગયા ગુરુવારે આ રૂપાળી કેલીનું તેના પાંજરામાંથી ત્રણ ગુંડાઓએ અપહરણ કર્યું હોવાના સમાચારે ઝૂ ઓથોરિટીને દોડતી કરી દીધી હતી. અનેક સુરક્ષા હોવા છતાં કેલીનું અપહરણ થવાથી ઝૂ એ નીચા જોવાનું થયેલું એટલું જ નહીં, કેલીના સાથીદાર પેંગ્વિન તો આ ઘટનાથી એટલો દુ:ખી થઈ ગયેલો કે તેણે ખાવાપીવાનું પણ છોડી દીધું હતું!

જો કે મજાની વાત એ છે કે બે દિવસ બાદ કેલી પાર્કથી થોડે દૂર આવેલી એક સ્ટ્રીટમાંથી પરત મળી આવી. આ સમાચારથી ઝૂમાં આનંદનું વાતાવરણ ઊભું થયું છે અને કેલીના પાછા મળવાથી એ દિવસે પાર્ટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઝૂ ઓથોરિટીએ આ ઘટના વિશે કહ્યું હતું કે, હમણાથી પક્ષીઓ ચોરાવાની ઘટના વધતી જાય છે. જો કે કેલીના અપહરણ બાદ સહીસલામત છૂટકારો થતા અમને હાશ થઈ છે!